ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૨ ટકા

# ભાવવધારાથી શાકભાજીનો સ્વાદ કડવા કારેલા સમાન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. જે શાકભાજી ૩૦ થી ૪૦ રૂપીયે કિલોના ભાવે વેચાતા હતા તે હાલમાં ૭૦ થી ૮૦ રૂપીયે વેચાય છે. ત્યારે આગામી સમયમાં શાકભાજીના ભાવ વધુ ઉંચકાય તેવી શકયતાઓ છે.ત્યારે ગાંધીનગરની ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જાય છે.



વરસાદ ખેંચાતા ખેડુતોની નજર નભ તરફ મંડરાઈ છે. જયારે અસહ્ય ગરમી અને બફારાથી આકુળ વ્યાકુળ જનજીવન પણ વરસાદની વાટે છે. બીજીતરફ વરસાદ ખેંચાતા શહેરના શાકમાર્કેટમાં પણ ભાવ વધારાની અસર જોવા મળી રહી છે. શહેરના શાકમાર્કેટમાં શાકભાજીઓના ભાવ ઉંચકાતા ગૃહિણીઓનું મોં પણ વંકાયું છે. ગૃહિણીઓ માટે શાકભાજીનો ભાવ વધારો કડવા કારેલા સમાન બન્યો છે. આવા સંજોગોમાં બજારમાં વ્યાજબી ભાવે શાકભાજી મેળવવા પતિદેવો પણ રઝળપાટ કરતા નજરે પડે છે. ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી વિવિધ શાકભાજીનો જથ્થો આવે છે. પરંતુ વરસાદ ખેચાતા શાકભાજીની આવક ઓછી છે. જયારે શાકભાજીની માંગ વધવા પામી છે. મહારાષ્ટ્ર સહિત અન્ય રાજયમાંથી શાકભાજી નહીંવત આવે છે. ત્યારે ટીંડોડા, કારેલા, ગવાર, પરવર, ચોળી, ભીંડા, ફુલાવર, કોબી, બટેકા, મરચા, કોથમીર, સહિતનો ભાવ વધવા પામ્યો છે. ત્યારે શાકભાજીના ભાવ વધતા નાગરીકોને શાકનો સ્વાદ પણ કડવો લાગી રહ્યો છે. ભાવવધારાને પગલે ગૃહિણીઓએ કઠોળનો ઉપયોગ રસોઈમાં વધારી દીધો છે ત્યારે ચોમાસુ ખેંચાતા શાકભાજીના ભાવ વધુ ઉંચકાય તેવી શક્યતા છે.

# પેથાપુર વોર્ડ નં-૩ કંસારા ફળીમાં પાણીનો થતો વ્યય

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલ પેથાપુરની કંસારા ફળીમાં રહેતા કેટલાક નાગરીકો પાણીનો વ્યય કરી રહ્યા છે. જો અન્ય નાગરીક દ્વારા પાણીનો બગાડ અટકાવવાનું કહેતા ચકમક પણ ઝરે છે. ત્યારે સ્થાનિક જાગૃત નાગરીક દ્વારા પેથાપુર નગરપાલિકા તંત્ર અને વોર્ડ નં-૩ ના કોર્પોરેટરને લેખિત તેમજ મૌખિક જાણ કરવા છતા હજુ સુધી પાણીનો બગાડ અટક્યો નથી.



પાણીની અછતનો પગલે હાલના સમયે પાણી બચાવો અભિયાન ચાલી રહ્યું છે. પાણીનો થતો બગાડ અટકે તો માટે વિવિધ સામાજીક અને સેવાકીય સંસ્થાઓ નાગરીકોને જાગૃત કરે છે. શહેરી વિસ્તારમાં તો પાણીનો બગાડ અટકે તે માટે તંત્રની ટીમ પણ કાર્યરત કરી દેવાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર નગર પાલિકા ના વોર્ડ નં-૩ માં આવેલ કંસારા ફળી ખાતે પાણીનો બગાડ મોટીસંખ્યામાં થઈ રહ્યો છે. કેટલાક વસાહતીઓ દ્વારા કરવામાં આવતો પાણીનો બગાડ અન્ય નાગરીકોના ઘર પાસે કાદવ-કીચડ અને ગંદકી ઉત્પન્ન થાય છે સતત પાણીનો ભરાવો રહેતા મચ્છરો ઉત્પન્ન થાય છે. જયારે સ્થાનિક જાગૃત નાગરીક દ્વારા પાણીના બગાડ અંગે ટોકવામાં આવતા વસાહતીઓ અને જાગૃત નાગરીક વચ્ચે ચકમક પણ ઝરે છે. રોજ ઓટલા અને ઓસરી ધોઈને પાણીનો બગાડ કરતા નાગરીકો સામે પાલિકા તંત્રએ લાલ આંખ કરવાની જરુરીયાત ઉભી થઈ છે. પેથાપુર નગર પાલિકા અને વોર્ડ નં-૩ ના કોર્પોરેટરને પણ જાણ કરવા છતા યોગ્ય પગલા ન લેવાતા અન્ય નાગરીકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે પાણીનો બગાડ કરતા નાગરીકો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની જરુરીયાત છે. કંસારા ફળીમાં પાણીનો થતો બગાડ અટકે તેવી જાગૃત નાગરીકોની લાગણી અને માંગણી છે.

## ઉમા સમાજ ભવન ખાતે કાનુની મધ્યસ્થીકરણ કાર્ય શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

સુપ્રિમ કોર્ટની આજ્ઞા અનુસાર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ડિસ્ટ્રીકટ, સેશન્સ કોર્ટ અને ઉમિયા માતાજી સંસ્થાનના ઉપક્રમે તા. ૨૩-૬-૨૦૧૮ને શનિવાર રાત્રે ૮ કલાકે ઉમા સમાજ ભવન, સે-૧૨ ખાતે કાનુની મધ્યસ્થીકરણ કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા અલગ અલગ કાનુની કેસોમાં ઝડપથી સાનુકુળ ઉકેલ લાવવા માટે બંને પક્ષે સમાધાન કરાવી કોર્ટ કેસોનો નિકાલ ઝડપથી કરવા માટે સત્તા મંડળના પેરાલીગલ વોલંટીયર દ્વારા મધ્યસ્થીકરણની ભૂમિકાની સમજ અને વિવાદોનો અંત કેમ લાવી શકાય તે અંગે કોર્ટના જજોની ઉપસ્થિતિમાં ટ્રેઈન્ડ મિડિયેટર સુધીર દેસાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યશિબિરમાં શહેરની દરેક સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ, નાગરિકો તથા સમાજના આગેવાનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે યોજાશે 'હ્યુમેનિટેરિયન ફોરેન્સિક્સ' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તા. ૨૦મી જૂનના રોજ દુનિયાની સૌ પ્રથમ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર હ્યુમેનિટેરિયન ફોરેન્સિક્સ એન્ડ ઈન્ટરનેશનલ સીમ્પોઝીયમ ઓન હ્યુમેનિટેરિયન ફોરેન્સિક્સનું આયોજન કરાયું હોવાનુ જી.એફ.એસ.યુ.ના રજિસ્ટ્રાર દ્વારા જણાવવામાં આવ્યુ છે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ રેડક્રોસ(આઈ.સી.આર.સી.)ના સંયુકત ઉપક્રમે તા.૨૦ જુન થી તા.૨૩ જુન દરમિયાન યોજાનાર દુનિયાની આ સૌ પ્રથમ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર હ્યુમેનિટેરિયન ફોરેન્સિક્સનો આવતીકાલ તા.૨૦ જુનના રોજ સવારે ૯-૦૦ કલાકે શુભારંભ થશે. આ પ્રસંગે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ.ડાગુર અને આઈ.સી.આર.સી.નાં હેડ ઓફ રીજીયોનલ ડેલીગેશન શ્રી જેરેમી ઈન્ગ્લેન્ડ હાજર રહીને પ્રેરક માર્ગદર્શન આપશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત મેરીટાઈમ બોર્ડના કર્મચારીઓ પડતર પ્રશ્નોને લઈ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પોર્ટ એન્ડ ડોક કર્મચારી મહાસંઘ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સહિત રાજયના તમામ બંદરો પર પ્રતિક ધરણાં કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં કર્મચારી મંડળના સભ્યો અને હોદ્દેદારો જોડાશે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડના કર્મચારીઓની નિમણુંક, પગાર, સુધારેલ પેન્શન ચુકવવા સહિતના અનેક નિતિ વિષયક પ્રશ્નો અને સમસ્યાને લઈ વખતો વખત મેનેજમેન્ટ સાથે બેઠક કરી રજુઆત કરવામાં આવી હતી. અનેક રજૂઆતો કરવા છતાં કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ આજ દિન સુધી ન આવતા હોદ્દેદારોએ હવે પ્રતિક ધરણાં કરવાનું હથિયાર ઉગામ્યું છે. જેને લઈ આગામી ૨૭મી જુન ૨૦૧૮ના રોજ રાજયના તમામ બંદરો તથા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સેકટર-૬ ખાતે પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજાશે. આ ધરણા પ્રદર્શનમાં મહાસંઘના પ્રમુખ યુ.કે. દવે ગાંધીનગર યુનિટના હોદ્દેદારો શંકરભાઈ વાઘેલા, બળવંતસિંહ વાઘેલા, હરિશભાઈ શુકલ, ટી.જી. પટેલ, આર.એલ. નિમાવત, રીતેષ પટેલ, બી.એ. વાઘેલા, બી.એ. પટેલ, ઘનશ્યામ પ્રજાપતિ, જે.એન. ચાવડા અને મનુભાઈ પંચાલ સહિતના હોદ્દેદારો જોડાશે.

# સેકટર-૮માં સર્વન્ટ કવાટર્સમાં પરિણીતાનો ગળેફાંસો

### આઈ.કે.જાડેજાના સે-૮માં આવેલા પ્રાઈવેટ બંગલાની પાસેના સર્વન્ટ ક્વાટર્સમાં માતા સાથે પિયરમાં રહેતી હતી ૨૩ વર્ષિય પરિણીતા : સાસરિયાના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો હોવાના આક્ષેપ

ગાંધીનગર, તા.૧૯

પાટનગરમાં સેકટર-૮ ખાતે રહેતા ભાજપના નેતા આઈ.કે.જાડેજા ના પ્રાઈવેટ બંગલાના સર્વન્ટ કવાટર્સમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરી લેનાર ૨૩ વર્ષીય પરિણીતા આઈ.કે.જાડેજા ના પ્રાઈવેટ બંગલાની પાસે સર્વન્ટ ક્વાટર્સમાં માતા અને ભાઈ સાથે પિયરમાં રહેતી હતી. રાત્રી દરમિયાન કોઈ કારણોસર આપઘાત કરી લેનાર પરણિતાનું સાસરુ અમદાવાદ આવેલું છે. પરણિતાને ત્રાસ આપી સાસરિયામાંથી ત્યજી દેવાઈ હોવાને પગલે તેણીએ આપઘાત કરી લીધો હોવાનું પરિવારજનોનો આક્ષેપ છે. સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પરણે તેનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

ભાજપના કદાવર નેતાઓ પૈકીના એક નેતા આઈ.કે.જાડેજા





ગાંધીનગર શહેરના સેકટર-૮ ખાતે પ્લોટ નં. ૭૨૪/૧/એ ખાતે પોતાના પ્રાઈવેટ બંગલામાં રહે છે. તેમના બંગલાની પાસે બનાવેલા સર્વન્ટ ક્વાટર્સમાં એક વિધવા પ્રૌઢા લાડલીબેન તેમના બે સંતાનો સાથે રહે છે. બે સંતાનોમાં એક દીકરો અને એક દીકરી છે. ૨૩ વર્ષીય તેમની દીકરી સેજલ રાયમલભાઈ દેસાઈને અમદાવાદ પાસેના એક ગામમાં પરણાવી હતી. પરંતુ થોડા સમયથી તે પોતાના પીયરમાં સેક્ટર-૮માં પોતાની માતા અને ભાઈ સાથે રહેતી હતી. સેજલને એક સંતાન બે વર્ષનો દિકરો પણ છે. પરિવારજનોના જણાવ્યા મુજબ સેજલના સાસરિયાઓએ સેજલને ત્રાસ આપીને ઘરેથી કાઢી મૂકી હતી ત્યારથી અહીં પિયરમાં રહેતી હતી. બે દિવસ પહેલા જ સાસરિયાઓ પિયર મુકી ગયા હતા. દરમિયાન ગઈકાલે રાત્રિના અરસામાં કોઈ અગમ્ય કારણોસર સેજલે પોતાના સર્વન્ટ ક્વાટર્સમાં રૂમમાં જ પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે પરિવારના સભ્યો ઉઠ્યા ત્યારે જોયું તો દીકરી સેજલ પંખે લટકી ગયેલી હાલતમાં હતી. આ દશ્ય જોઈને પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ પોલીસને બોલાવી લીધી હતી અને સેકટર-૭ પોલીસે મૃતદેહ ઉતારી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોસ્ટમોર્ટમ કરાવી એફ.એસ.એલ બોલાવી લીધી હતી. દીકરીના મૃતદેહને અંતિમ વિધિ માટે પરિવારના સભ્યો પોતાના વતન લઈ ગયા છે. અંતિમ વિધિ પૂર્ણ થયા બાદ પરિવારના સભ્યો મૃતકના સાસરીયાઓ સામે ફરિયાદ આપશે તો તે અનુસંધાને તપાસ કરીને ગુનો દાખલ કરવામાં આવશે.

## ઉમિયા માતાજી કેમ્પસમાં શુક્રવારે રકતદાન કેમ્પ

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન, ઉમિયા માતાજી સંસ્થાન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકના સહીયારા સહયોગથી તા. ૨૨મી જુને શુક્રવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ઉમિયા માતાજી કેમ્પસમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તો સૌ ઉમાપુત્રો, નગરજનો તથા કાયમી રકતદાતાઓ દ્વારા વધુમાં વધુ રકતદાન થાય તે માટે વિનંતી કરવામાં આવે છે. રકતદાતાઓને પ્રોત્સાહીત કરવા સુંદર ભેટ આપવાનું પણ આયોજન કરાયું છે તેમ બી.એમ. પટેલ યુનિટ ડાયરેકટર, જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન-૩-સીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દલિત સેના દ્વારા દલિતો પરના અત્યાચારોને અટકાવવા માંગ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં દલિતો પર અત્યાચારો દિન પ્રતિદિન વધતા રહ્યા છે. ઉનાકાંડથી લઈને અત્યાર સુધીમાં અનેક નાના-મોટા બનાવો બની રહ્યા છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના પારસા ગામે બનેલ બનાવને દલિત સેના વખોડી કાઢે છે અને આવા કૃત્યો કરનારની સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

વિઠ્ઠલાપર ગામના દલિતને ઢોર માર મારવા બદલ, નામની પાછળ સિંહ લખવાની બાબતે હુમલો, વરઘોડો કાઢતા અટકાવવા જેવા બનાવો બનતા રહે છે ત્યારે દલિત વિરોધી માનસિકતા ધરાવતા તત્વો સામે કાર્યવાહી કરવા દલિત સેનાના જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ પરમાર, શહેર પ્રમુખ જયંતિ છત્રાલિયા, મહિલા પ્રમુખ પુષ્પાબેન ડોડિયાએ જણાવેલ છે.

## રોટરેકટ કલબ દ્વારા નિ:શુલ્ક તબીબી કેમ્પ યોજાશે

રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકટર-૨૨ સ્થિત રોટરી કલબ ફિજીયોથેરાપી સેન્ટર ખાતે તા. ૨૪-૬-૨૦૧૮ને રવિવારે સવારે ૮ થી બપોરે ૧ કલાક દરમિયાન પેટને લગતાં રોગ વિશે નિઃશુલ્ક તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

નિ:શુલ્ક કેમ્પમાં પેટને લગતા રોગોના જાણીતા નિષ્ણાંત ડોકટર કૌષલ આનંદને આમંત્રણ આપવામાં આવ્યું છે. કેમ્પમાં તબીબી તપાસ માટે રસ ધરાવતા નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પ્રથમ ૧૦૦ નાગરિકોને નિ:શુલ્ક તબીબી સહાયનો લાભ મળશે. આ ઉપરાંત પેટની સામાન્ય તકલીફની દવા રોટરેકટર કલબ ઓફ ગાંધીનગર દ્વારા નિ:શુલ્ક પુરી પાડવામાં આવશે. તબીબી સહાય મેળવવા ઈચ્છતા નાગરિકોએ ૨૦ થી ૨૨ જૂન દરમિયાન સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન રોટરી કલબ ફિજિયોથેરાપી સેન્ટર, સે-૨૨ ખાતે રૂબરૂમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# ચકચારી નવીન શાહ હત્યા કેસનો સુત્રધાર મૌનિક ઉર્ફે મજનુ પેરોલ જમ્પ કરી ફરાર

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ ખાતે રહેતા નવનીત ગાલા કંપનીના ડિરેક્ટર નવીન શાહને વૈષ્ણોદેવી સર્કલ નજીક બોલાવી તેમનુ અપહરણ કરી મૌનિક ઉર્ફે મજનુ પટેલ અને તેની ટોળકીએ ખંડણી માંગવાના ઈરાદે તેની હત્યા કરી નાખી હતી. આ ચકચારી હત્યા કેસમાં કાચા કામનાં કેદી તરીકે સેન્ટ્રલ જેલની હવા ખાઈ રહેલા મુખ્ય સૂત્રધાર મૌનિક ઉર્ફે મજનુ એ ૧ જૂનથી ૯ જૂન સુધીની પેરોલ રજા મંજુર કરાવી પેરોલ પર છૂટ્યો હતો. નવ દિવસના પેરોલ પર છૂટેલો આ આરોપી પેરોલ રજા પૂર્ણ થયા બાદ પણ જેલમાં પરત ન પહોંચી પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો. પેરોલ જમ્પ કરી રફુચક્કર થઈ ગયેલા મજનુંને પકડવા વોરંટ પણ ઈસ્યુ થઈ ચૂક્યું છે અને તેને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પેરોલ જમ્પ કરી અંડરગ્રાઉન્ડ થઈ ગયેલા આરોપી મજનુની ધરપકડ કરવા માટે જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ છે.

**નવ દિવસની પેરોલ રજા મેળવીને જેલમાંથી છૂટેલો મજનુ રફુચક્કર થઈ ગયો : મજનુ સામે વોરન્ટ ઇસ્યુ : ભાગેડુ જાહેર : મજનુને શોધવા પોલીસ દોડતી થઇ**

ગાંધીનગર શહેરના સેકટર-૪ ખાતે રહેતા મૌનિક ઉર્ફે મજનુ પટેલ નામના શખ્સે તેના સાગરીતો સાથે મળીને નવનીત ગાલા કંપનીના ડાયરેકટર નવીન શાહને ટાર્ગેટ કરી એક કાવતરું રચીને કંપનીના જ એક પૂર્વ કર્મચારીની મદદ લઈ વૈષ્ણોદેવી સર્કલ નજીક ગોરબંધ હોટલની સામેથી ખંડણી માંગવાના ઈરાદે નવીન શાહ નું અપરણ કરી હત્યા કરી નાખી હતી. આ ચકચારી કેસમાં ગાંધીનગર એલસીબીએ આરોપીઓની ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે કર્યા હતા. આરોપીઓ પૈકી એક મુખ્ય સૂત્રધાર આરોપી મૌનિક ઉર્ફે મજનુ પટેલ પહેલી જૂને પેરોલ રજા મેળવીને છૂટ્યો હતો. ૧ જૂનથી ૯ જૂન સુધીના નવ દિવસ માટેના પેરોલ મેળવી જેલમાંથી બહાર છુટેલા મૌનિક ઉર્ફે મજનુ એ નવ તારીખે જેલમાં હાજર થવાનું હતું. હત્યા કેસનો આરોપી જેલમાં હાજર થવાને બદલે પેરોલ જમ્પ કરીને ક્યાંક રફુચક્કર થઈ ગયો છે. આરોપીને શોધી કાઢીને તેની ધરપકડ કરવા માટે બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે અને તેને ભાગેડું જાહેર કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. અડાલજ પોલીસ વોરંટ બજવણી કરવા માટે મૌનિકના ઘરે પહોંચી ત્યારે તેના પિતાએ નિવેદન આપ્યું હતું કે મૌલિક સાત તારીખે ઘરે આવ્યો હતો અને ઘરેથી અજમેર ચાદર ચઢાવવા માટે જવાનું અને ત્યાંથી પછી જેલ જવાનું કહીને નીકળ્યો હતો ત્યાર પછી તે ઘરે પરત આવ્યો નથી. ૧૨ તારીખે તેના પિતા મૌનિકને મળવા જેલ ગયા ત્યારે ખબર પડી કે તે જેલમાં તો આવ્યો જ નથી. મૌનિકના પિતાનું નિવેદન નોંધી અડાલજ પોલીસ અને જિલ્લાની પોલીસે મૌનિકને શોધી કાઢવા દોડધામ શરૂ કરી દીધી છે.

## સેકટર-૭ના ચ-૩ કોર્નર પર બિનવારસી બાઈક

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૭-ડીના ચ-૩ કોર્નર પર છેલ્લા ઘણા સમયથી બિનવારસી બાઈક પડેલ છે. અંદાજે ત્રણેક માસથી આ બિનવારસી બાઈક પડેલ છે. પોલીસ તથા જનતા અનેક વખત તેના દર્શન કરી રહી છે પરંતુ તે હટાવવામાં આવતું નથી. સેકટર-૭ના વસાહતીઓમાં બાઈક વિષે અનેક તર્ક વિતર્કો થઈ રહેલ છે તો સત્તાવાળાઓ આ વિષયે ઘટતું કરે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

# આવતીકાલે શહેર-જિલ્લામાં ચાર લાખ નાગરિકો યોગ કરશે

### ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે એક સાથે અંદાજે ૧૦ હજારથી વધુ નગરજનો યોગ કરશે

ગાંધીનગર, તા.૧૯

તા.૨૧ જૂન એટલે વિશ્વ યોગ દિવસ, સમગ્ર વિશ્વમાં ચાલુ વર્ષે ચોથા વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ગૃહ, ઉર્જા, વૈધાનિક અને સંસદીય બાબતો, કાયદો અને ન્યાયતંત્રના રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતમાં સવારના ૬ થી ૮ કલાક દરમ્યાન સ્વર્ણિમ પાર્ક, બેંક ઓફ બરોડાની બાજુમાં, ગાંધીનગર ખાતે થશે. સ્વર્ણિમ પાર્ક ખાતે ચાલતી નિઃશુલ્ક યોગ શિબીરમાં જાણીતા કલાકાર શ્રી જનક ઠક્કરે પણ આજે લાભ લીધો હતો.

વિશ્વના તમામ નાગરિકો દ્વારા માનસિક, આધ્યાત્મિક અને શારીરિક શાંતિ મળે તેવા હેતુ સાથે સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક, બેંક ઓફ બરોડાની સામે જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. આ ઉજવણીમાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા અને જાણીતા કલાકાર શ્રી જનક ઠક્કર પણ સહભાગી બનશે. સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ ખાતે થનાર જિલ્લા કક્ષાની ઉજવણીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, પદાધિકારીઓ સહિત અંદાજે ૧૦હજારથી વધુ લોકો એક સાથે યોગ કરશે.



ગાંધીનગર જિલ્લામાં ૧૪૨૮ સ્થળો ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં જિલ્લાના અંદાજે ૪ લાખ ૨૫ હજારથી વધુ નાગરિકો યોગ કાર્યક્રમમાં ભાગ લેશે. સમગ્ર જિલ્લામાં યોગ દિવસની ઉજવણીનું સુવ્યવસ્થિત આયોજન જિલ્લા કલેકટર શ્રી એસ.કે. લાંગાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આ યોગ દિવસની ઉજવણીમાં જિલ્લાના નાગરિકોને જોડાવવા માટે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા અને ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી એસ.એલ.અમરાણીએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જીજ્ઞેશભાઈ મગનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૩૫
- સ્વ. ઠાકોર શનાજી જીવાજી, ઉ.વ. ૫૫
- સ્વ. ગજ્જર નટવરલાલ નાથાલાલ, ઉ.વ. ૮૩
- સ્વ. મહેશ્વરી કુસુમલતાબેન રાણુલાલ, ઉ.વ. ૭૧
- સ્વ. મહરાજ ગંગાબેન કાન્તીલાલ, ઉ.વ. ૮૨
- સ્વ. દેસાઈ સેજલબેન રોહિતભાઈ, ઉ.વ. ૨૩